પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૯૭ | ૧૭ જુન, ૨૦૧૭, શનિવાર ; જયેષ્ઠ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

અનંતનાગમાં ભીષણ ત્રાસવાદી હુમલો : છ જવાનો શહીદ

શહીદોમાં સબ ઇન્સ્પેક્ટરનો પણ સમાવેશ : અનંતનાગ જિલ્લાના ખાજીવાડા અચબલ વિસ્તારમાં ત્રાસવાદીઓનો છુપો હુમલો : શહીદ એસએચઓની ઓળખ સબ ઇન્સ્પેક્ટર ફિરોઝ તરીકે થઇ

શ્રીનગર,તા.૧૬

જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં શુક્રવારે આંતકવાદીઓએ ઘાત લગાવી દગાથી કરેલા હુમલામાં એક સબ ઈન્સ્પેકટર સહિત કુલ છ પોલીસ જવાનો શહીદ થયા છે. દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના થાજીવાડા અચબલમાં ઘાત લગાવીને બેઠેલા આંતકવાદીઓએ છળકપટથી પોલીસદળ પર અંધાધૂંધ ફાયરીંગ કરી જબરદસ્ત હુમલો કર્યો હતો. જેમાં છ પોલીસ જવાનો શહીદ થયા હતા. જેમાં શહીદ થયેલા એસએચઓની ઓળખ સબ ઈન્સ્પેકટર ફિરોઝ તરીકે થઈ હતી. વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ આ આંતકવાદી હુમલા અંગે જણાવ્યું હતું કે, આંતકવાદીઓએ કરેલા આ હુમલામાં કેટલાક પોલીસ જવાનો ગંભીર રીતે ઘાયલ પણ થયા છે. જો કે, તેતમામની નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાસ્થળે સેનાની ટુકડીઓ પહોંચી ચૂકી છે કે જેણે આસપાસના સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવ્યા છે. આ પહેલા પણ આંતકવાદીઓએ સુરક્ષાદળ અને પોલીસને નિશાન બનાવતા ઘણા હુમલા તાજેતરમાં જ કર્યા છે. આ અગાઉ ગુરૂવારના શ્રીનગરના હૈદરપુરા વિસ્તારમાં આંતકવાદીઓના હુમલામાં ગંભીર રીતે ઘાયલ પોલીસજવાને સારવાર

● અનુસંધાન પાન-૭ પર

ન્યુઝ ટ્રેક

મહારાષ્ટ્રમાં બનશે વિશ્વની સૌથી મોટી રિફાઈનરી

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશનના સંયુકત ઉપકમે મહારાષ્ટ્રના રત્નાગિરીમાં દુનિયાની સૌથી મોટી રિફાઈનરી બનાવવાના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

બાબા રામદેવની બાયોપિક બનાવશે અજય દેવગણ

બોલિવુડમાં બાયોપિક બનાવવાનો ટ્રેન્ડ કયારેય નહીં જાય. સમાચાર મળ્યા છે કે અજય દેવગણ ફિલ્મમેકર અભિનવ શુકલ સાથે મળીને બાબા રામદેવની બાયોપિક બનાવવાની તૈયારી કરી રહ્યા છે. જો કે તે ફિલ્મ નહીં પણ ટેલિવીન સીરિઝ હશે જેનું નામ 'સ્વામી બાબા રામદેવ : ધ અનટોલ્ડ સ્ટોરી' હશે.

છત્તીસગઢનો ટોપર શાકભાજી વેચે છે

છત્તીસગઢ સ્ટેટ એજયુકેશન બોર્ડમાં ધો-૧૨માં ૯૮.૬ ટકા મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર ધાવેન્દ્રકુમાર બાલો જિલ્લાના અંતરિયાળ ગામમાં શાકભાજી વેચીને ગુજરાન ચલાવે છે. અહેવાલ મુજબ આઈઆઈટી-જેઈઈના કોચિંગ માટે કોટા કલાસીસમાં એડમિશન મેળવવા પ્રયત્ન કર્યોહતો પરંતુ નાણાંના અભાવે તેને એડમિશન મળી શકયું ન હતું.

બેંક ખાતા ખોલવા આધાર કાર્ડ ફરજીયાત

કેન્દ્ર સરકારે બેંક એકાઉન્ટ ખોલાવવા આધારકાર્ડ ફરજીયાત કર્યું છે તેમજ ૫૦ હજારના ટ્રાન્ઝેકશન માટે પણ આધારકાર્ડ ફરજીયાત બનાવાયું છે. ૩૧મી ડિસેમ્બર સુધીમાં આધારકાર્ડ જમા કરાવવું પડશે.

કુખ્યાત આતંકવાદી જુનૈદ ઠાર

અન્ય એક કુખ્યાત ત્રાસવાદી પણ ઠાર : એક ઘરમાં છુપાયેલા ત્રાસવાદીઓને ઘેરી લઇ ઓપરેશન હાથ ધરાયું : જુનૈદ મટ્ટૂ પર ૫ લાખ રૂપિયાનું ઇનામ હતું

શ્રીનગર, તા. ૧૬

સુરક્ષા દળોને આજે એક મોટી

સફળતા હાથ લાગી હતી. ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના કમાન્ડર અને અનેક હુમલામાં સીધી રીતે સામેલ રહેલા કુખ્યાત જુનેદ મટ્ટુ સહિત બે ત્રાસવાદીઓ ભીષણ અથડામણમાં ઠાર થઈ ગયા છે. દક્ષિણ કાશ્મીરના વિજબહેડા વિસ્તારમાં એક ગામમાં સુરક્ષા દળોની સાથે ભીષણ અથડામણ થઈ હતી. આ અથડામણ કલાકો સુધી ચાલી હતી. સુરક્ષા દળોએ બાતમી મળ્યા બાદ સવારે આઠ વાગ્યાની આસાપાસ લશ્કરે તોયબાના કમાન્ડર મટ્ટુ અને તેના સાગરીતોને ઘેરી લીધા હતા. આખરે સેનાએ જુનેદને ઠાર મારી દીધો હતો. મટ્ટુ પર હાલમાં પાંચ લાખ રૂપિયાનુ ઈનામ રાખવામાં આવ્યુ હતુ. મટ્ટુ ઠાર કરી દેવાતા તોયબાને કાશ્મીરમાં તેની ગતિવિધીમાં મોટો ફટકો પડ્યો છે. અધિકારીઓએ કહ્યુ હતુ કે એક ઘરમાં ત્રણ ત્રાસવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ સુરક્ષા દળોએ મકાનને ચારેબાજુ ઘેરી લઈને ઓપરેશન હાથ ધર્યું હતું. બે કલાક સુધી રાહ જોયા બાદ ૧૦ વાગે ઘરમાંથી પ્રથમવાર ગોળીનો અવાજ આવ્યો હતો. આ ગાળા દરમિયાન પથ્થરબાજી કરી રહેલી ટોળકી સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કર્યો હતો અને તેમના ઓપરેશનને અડચણો ઉભી કરવાના પ્રયાસ કર્યા હતા. અત્રે નોંધનીય છે કે, ગયા મહિનામાં જ સુરક્ષા દળોએ હિઝબુલ મુઝાહિદ્દીનના કમાન્ડર

● અનુસંધાન પાન-૭ પર

નામ વિના ચર્ચા કેવી ? : કોંગ્રેસ

રાષ્ટ્રપતિ ચૂંટણી : રાજનાથસિંહ અને વેંકૈયા નાયડુની સોનિયા ગાંધી સાથે મુલાકાત : ભાજપ નેતાઓએ રાષ્ટ્રપતિપદ માટે નામ જ ન કહેતાં અડધા કલાકમાં જ સમેટાઇ મીટિંગ

ન્યુ દિલ્હી,તા.૧૬

કેન્દ્રીયમંત્રી રાજનાથ સિંહ અને એમ.વૈંકેયા નાયડૂ આજે રાષ્ટ્રપતિ ચૂંટણી પર ચર્ચા કરવા માટે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને મળવા માટે ગયાં હતાં. પરંતુ બેઠક અડધો કલાક પણ ચાલી નહોતી. નાયડૂ અને રાજનાથ સિંહે સોનિયા ગાંધીના ઘરે તેમની મુલાકાત કરી હતી. બેઠક બાદ ગુલામ નબી આઝાદે કહ્યું હતું કે, ભાજપના નેતાઓએ સોનિયા ગાંધી સમક્ષ તેમના રાષ્ટ્રપતિ ઉમેદવારનું નામ ન લીધું, પરંતુ અમને નામ પૂછતાં રહ્યાં.

આઝાદે વધુમાં કહ્યું કે ભાજપ નેતાઓએ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને રાષ્ટ્રપતિપદ માટે કોઈ નામ ન કહ્યું. ઉલટું અમારી પાસેથી જ નામ જાણવાની કોશિશ કરી. આઝાદે કહ્યું કે અમને અપેક્ષા હતી કે તેઓ નામ જણાવશે કે જેથી કરીને તેના વિશે

● અનુસંધાન પાન-૭ પર

સીબીઆઈના છ સભ્યોની ટીમ સિસોદિયાનું નિવેદન લેવા પહોંચી

સીબીઆઈએ દરોડા પાડ્યા હોવાનો આમ આદમી પાર્ટી દ્વારા દાવો કરાયો : માત્ર નિવેદન જ લેવાયું : સીબીઆઈ

નવીદિલ્હી, તા. ૧૬

દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાને ટોક ટુ એકે મામલાની તપાસ માટે પુછપરછ કરવાના હેતુસર સીબીઆઈની ટીમ આજે તેમના આવાસ ઉપર પહોંચી હતી. તપાસના હેતુસર સીબીઆઈની ટીમ પહોંચી હતી. સીબીઆઈ આ મામલામાં સિસોદિયાનું નિવેદન નોંધી ચુકી છે. સિસોદિયા ઉપર ટોક ટુ એકે કાર્યક્રમમાં નાણાંકીય અનિયમિતતાનો સીધો આક્ષેપ કરવામાં આવી ચુક્યો છે. સીબીઆઈએ

● અનુસંધાન પાન-૭ પર

અબુ સાલેમ મુંબઈ બ્લાસ્ટ કેસમાં અપરાધી

અબુ સાલમે સહિત છ અપરાધી જાહેર : મુંબઈની ખાસ ટાડા અદાલતે ચકચારી મામલામાં ચુકાદો આપ્યો : અપરાધીઓને સજાના પ્રશ્ને હવે સુનાવણી થશે : ૧૯મી જૂનના દિવસે સજા ઉપર ચર્ચાની તારીખ નક્કી થશે : સિરિયલ બ્લાસ્ટના ૨૪ વર્ષ બાદ ચુકાદો

મુંબઈ,તા. ૧૬

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈને હચમચાવી મુકનાર ૧૨ બોંબ બ્લાસ્ટની ઘટનાના ૨૪ વર્ષબાદ આજે ખાસ ટાડા અદાલતે આ મામલામાં પોતાનો ચુકાદો આપ્યો હતો. આ ચુકાદામાં ટાડા કોર્ટે ગેંગસ્ટર અબુ સાલેમ અને મુસ્તફા દોશા સહિત તમામ છને અપરાધી જાહેર કર્યા હતા. આરોપીઓની બીજી બેચના મામલામાં સુનાવણી ચાલી રહી છે.

જે આરોપીઓને આજે દોષિત જાહેર કરવામાં આવ્યા હતા તેમાં અબુ સામેલ, મુસ્તફા દોસા, કરીમુલ્લા શેખ, રિયાઝ સિદ્દીકી, તાહિર મર્ચન્ટ અને ફિરોઝ ખાનનો સમાવેશ થાય છે. જ્યારે અબ્દુલ કઈમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે. પર્સનલ બોન્ડના આધાર પર તેને છોડી મુકવાનો આદેશ કરાયો છે. કોર્ટ હવે દોષિતોની સજા ઉપર સુનાવણી કરશે. કોર્ટે સુનાવણીની આગામી તારીખ ૧૯મી જૂન નક્કી કરી છે. આ દિવસે સજા પર ચર્ચા માટે તારીખ નક્કી કરવામાં આવશે. કોર્ટે કબૂલાત કરી હતી કે, દોસા, સાલેમ, તાહિર મર્ચન્ટ અને ફિરોઝ ખાન આ બ્લાસ્ટમાં મુખ્ય કાવતરાખોર હતા. જો કે, તમામ અપરાધીઓને દેશની સામે જંગ છેડવાના આરોપથી મુક્ત કરવામાં આવ્યા હતા. અબુ સાલેમને પણ ટાડાની કેટલીક કલમોમાં નિર્દોષ જાહેર કરાયો છે.

દેશમાં આત્મઘાતી મહિલા બોંબરોની ટુકડી ઘુસી

સાતથી આઠ જેટલી મહિલાઓ ભારતમાં ઘુસી ગઈ હોવાના અહેવાલ : મુંબઈ હુમલાના માસ્ટર માઇન્ડ હાફીઝ સઇદના પુત્ર તલ્હા સઇદ ઓપરેશન કમાન્ડ તરીકે હોવાના પણ અહેવાલ : ભરચક સ્થળોને ટાર્ગેટ બનાવી શકે છે

નવી દિલ્હી,તા. ૧૬

ગુપ્તચર સંસ્થાઓ પાસેથી એવી ચોંકાવનારી માહિતી મળી છે કે મહિલા આત્મઘાતી હુમલાખોરોની ટોળકી સરહદ પાર કરીને ભારતમાં ઘુસી જવામાં સફળ રહી છે. આ મહિલા આત્મઘાતી હુમલાખોરો કોઈ મોટા હુમલાને અંજામ આપી શકે છે. લોન વુલ્ફ અટેકના ફિરાકમાં આ મહિલાઓ હોવાના હેવાલ મળ્યા બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. આ આત્મઘાતી મહિલા હુમલાખોરોની ટોળકી ત્રાસવાદી સંગઠન જમાત ઉદ દાવા અને જેશે મોહમ્મદ સાથે સંબંધ ધરાવે છે. પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઇએસઆઈ દ્વારા તેમની પસંદગી કરવામાં આવી છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે આ ટોળકીને ખૈબર પખ્તુનખ્વા ખાતે હુમલા કરવાની ખાસ તાલીમ આપવામાં આવી છે. હથિયારોની ટ્રેનિંગ પણ તેમને આપવામાં આવી છે. આ આત્મઘાતી મહિલા હુમલાખોરોની સંખ્યા સાતથી આઠ હોઈ શકે છે. આમાંથી કેટલીક છેલ્લા એક બે મહિનામાં પ્રવેશી છે. એવુ પણ જાણવા મળ્યુ છે કે મુંબઈમાં કરવામાં આવેલા હુમલાના માસ્ટર માઈન્ડ હાફિઝ સઈદનો પુત્ર તલ્હા સઈદ આ ઓપરેશનના કમાન્ડર તરીકે છે. આ મહિલાઓ ઓઈલ રિફાઈનરી,

● અનુસંધાન પાન-૭ પર

ધોનીએ મેચમાં માસ્ટર સ્ટ્રોક રમીને જીત અપાવી : કોહલી

બાંગ્લાદેશે એક વખતે માત્ર બે વિકેટ ગુમાવી ૧૫૦ રન બનાવી લીધા હતા ત્યારે ધોનીએ જાધવને બોલિંગ આપી

બર્મિંગ્હામ,તા. ૧૬

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની બીજી સેમીફાઈનલ મેચમાં મહેન્દ્ર સિંહ ધોનીના કારણે ભારતને જીત મળી હોવાની વાત કેપ્ટન વિરાટ કોહલી અને કેદાર જાધવે કરતા તમામ લોકોને આશ્ચર્ય થયુ છે. આ બન્ને ખેલાડીઓએ મેચ બાદ કહ્યુ હતુ કે માસ્ટર સ્ટ્રોક ધોનીએ રમ્યો હતો. ભારતની સામે મેચમાં એક વખતે બાગ્લાદેશે બે વિકેટ ગુમાવીને ૧૫૦ રન બનાવી લીધા હતા અને તેની સ્થિતી ખુબ મજબુત દેખાઈ રહી હતી. તમીમ ઈકબાલ અને રહીમની જોડી સામે ભારતીય બોલરો ફ્લોપ સાબિત થઈ રહ્યા હતા ત્યારે ધોનીએ નવી ચાલ રમી હતી. ધોનીએ જ કેદાર જાધવને બોલિંગ આપીને માસ્ટર સ્ટ્રોક રમ્યો હતો. મેચ બાદ કોહલીએ પણ કહ્યુ હતુ કે ધોનીના કારણે જ અમને ફાયદો થયો હતો. કોહલીએ કહ્યુ હતુ કે જ્યારે કેદારને બોલિંગ આપવામાં આવી ત્યારે વિકેટ લેવાનો ઈરાદો ન હતો પરંતુ તેમન હેરાન કરવાનો ઈરાદો હતો પરંતુ કેદારે બન્નેની વિકેટ ઝડપીને આખી મેચ બદલી નાંખી હતી. બર્મિંગ્હામમાં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની બીજી સેમિફાઈનલમાં ભારતે ગઈલે બાંગ્લાદેશ ઉપર રોમાંચક જીત મેળવીને ફાઈનલમાં આગેકૂચ કરી લીધી હતી.

Require Pre School Staff
RANGOLI is a premier Pre-School having 65+ centres across Gujarat. We need female candidates for following positions for our Gandhinagar centres.
RANGOLI® A Colourful beginning
www.rangolischool.co.in
Pre School • Day Care
Teacher • Graduate with Child Development Course & relevant experience • Freshers may apply
Apply within 7 days with your CV
Sector - 6 9723466820 | Sector - 7 7359960007 | Sector - 22 9723466810
નોકરી ઇચ્છુક આચાબહેનોએ પણ સંપર્ક કરવો.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

આયુર્વેદિક દવાઓ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
Himalaya ZANDU VASU Healthcare Pvt. Ltd. Baidyanath પતંજલિ Dabur SANDU Charak
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415